# આસપાસ ચોપાસ



# બમરોલી

## દૂધમંડળીમાં મહિને 5 હજાર લિટર દૂધની આવક

ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો રહેલો છે. ગામ નાનકડું હોવા છતાં પશુપાલનનો વ્યવસાય સારો એવો છે, જેમાં 100 જેટલા સભાસદો તેમજ બાજુના ગામના હળપતિ સમાજના લોકો માટે પણ આ દૂધમંડળી આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. દૂધમંડળીમાં મહિને 5 હજાર લિટર જેટલા દૂધની આવક થઈ રહી છે.










## શિક્ષણની સુવિધા

ગામમાં પ્રાથમિક શાળા આવેલી છે, જેમાં બાળકો 1થી પાંચ સુધી અભ્યાસ કરી શકે છે. આચાર્ય તરીકે મનીષાબેન ઠાકોરલાલ પટેલ તેમજ ઉપશિક્ષિકા તરીકે ઈલાબેન દલુભાઈ પટેલ ફરજ બજાવે છે. એમ.ડી.એમ. સભ્ય તરીકે સુરેખાબેન મોહનભાઈ રબારી સેવા આપી રહ્યાં છે. જ્યારે ગામમાં આવેલી આંગણવાડી જર્જરિત થતાં સરકાર દ્વારા નાનાં ભૂલકાં માટે સુવિધાયુક્ત નવી આંગણવાડી બનાવવામાં આવી છે, જેમાં હાલ તેઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમાં અર્ચનાબેન દિગ્વિજયસિંહ બારસડીયા તેમજ હેલ્પર તરીકે જ્યોતિબેન નરેન્દ્રસિંહ યાદવ ફરજ બજાવી રહ્યાં છે અને બાળકોને સમયસર નાસ્તો તેમજ દૂધ પીવડાવવામાં આવે છે. જેથી કરી કોઈપણ બાળક કુપોષણથી પીડાય નહીં તેનું અર્ચનાબેન બારસડીયા દ્વારા ખાસ ધ્યાન આપવામાં આવે છે.



## ડોર ટુ ડોર કચરા કલેક્શનની સુવિધા

સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત કચરો એકત્ર કરવા માટે ગામમાં દરરોજ ડોર ટુ ડોર કચરા કલેક્શન માટે ઈ રિક્ષા પણ આવે છે. જેથી આજે ગામમાં ગંદકી પણ જોવા મળતી નથી.

## કમળો થયો છે? તો ચાલો બમરોલી

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં નાનકડા ગામનું નામ કમળાની દવાને કારણે પ્રખ્યાત થયું છે. ગામના હિંમતસિંહ દાનસિંહ ચાવડાને એક સંત દ્વારા આ દવા બક્ષિસ તરીકે આપવામાં આવી હતી. જે સંત અહીં તેમના પ્રવાસ દરમિયાન ચાવડા પરિવારમાં રોકાયા હતા અને તેમની ભક્તિ જોઈ આ આયુર્વેદિક દવા બક્ષિસ તરીકે આપી હતી અને આજે પણ નિ:સ્વાર્થ ભાવે તેમના પુત્ર ગણપતસિંહ હિંમતસિંહ ચાવડા અને પૌત્ર બંને આ સેવા આપી રહ્યા છે. આજે પણ રવિવાર અને મંગળવારના રોજ મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાતની વિવિધ જગ્યાએથી લોકો કમળાની દવા મુકાવવા માટે આવે છે. આ બાબતે ખુદ તબીબો પણ વિઝિટ કરી આશ્ચર્ય પામે છે કે માત્ર બે વાર દવા મુકાવો અને કમળો ગાયબ થઈ જાય છે.

## 1948ના દુકાળ સિવાય ગામનું તળાવ સુકાયું નથી

બમરોલી ગામના છેવાડે આવેલું તળાવ જ્યારે પાણીની તકલીફ હતી, ત્યારે આજુબાજુના ગામના લોકો માટે પણ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવતું હતું. આશરે 10 વીઘાંના આ તળાવમાં પાણી કોઈ દિવસ ખૂટતું ન હોવાથી બમરોલી ગામ ઉપરાંત આજુબાજુના આફવા, ઈસરોલી, કણાઈ, ગોજી, વાંકાનેર જેવા ગામમાં મોટા પ્રસંગોએ રસોઈ માટે પાણી પણ આ તળાવમાંથી લઈ જવામાં આવતું હતું. 1948માં આવેલા દુકાળ સિવાય આ તળાવ ક્યારેય સુકાયું નથી. જોકે, હવે વિસ્તારમાં નહેરના પાણી તેમજ ગામેગામ બોરની સુવિધા ઉપલબ્ધ થતાં આ તળાવનું મહત્ત્વ ઓછું થયું છે. ડેપ્યુટી સરપંચ રાજેન્દ્રસિંહ ચાવડા દ્વારા સરકારની યોજના હેઠળ ઊંડું કરાવાતાં તેમજ તેની નિયમિત જાળવણી કરતાં આ તળાવ યુવાઓ માટે સેલ્ફી લેવા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.



## સીસીટીવીની ચાંપતી નજર

ગામમાં કોઈ અનિચ્છનિય ઘટના ન બને એ માટે ગામમાં દરેક જગ્યાએ પોઈન્ટ ઉપર સીસીટીવી કેમેરા મૂકવામાં આવ્યા છે.



આશાબેન રાજેન્દ્રસિંહ સોલંકી, માજી તાલુકા પંચાયત સભ્ય



વિપુલભાઈ વાવડિયા, તલાટી

## સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં એકતા અને ભક્તિનો સંગમ

ગામમાં એકંદરે તમામ જાતિના લોકો સુલેહ શાંતિથી રહે છે. ગામના યુવાનોમાં સંગઠન જળવાઈ રહે તે હેતુથી યુવકો દ્વારા દર પૂનમ અને અગિયારસના દિવસે સોમનાથ મહાદેવના મંદિરે ભજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે, જેમાં ગામના વડીલો પણ ઉત્સાહભેર ભાગ લે છે. ગામના તમામ જ્ઞાતિના લોકો દરેક પર્વ એકસાથે મળી ધામધૂમથી ઉજવે છે. જ્યારે મહિલામંડળ દ્વારા પણ શ્રાવણ માસ દરમિયાન સોમનાથ મહાદેવ મંદિર ખાતે ભેગા થઈ ભજન કાર્યક્રમ રાખવામાં આવે છે.

## દૂધમંડળીના સભ્યો

- **પ્રમુખ:** મનીષસિંહ રણજીતસિંહ ચાવડા
- **ઉપપ્રમુખ:** મહાવીરસિંહ હરિસિંહ સોલંકી
- **મંત્રી:** રાજેન્દ્રસિંહ ઈશ્વરસિંહ બારસડીયા
- **સહમંત્રી:** પરેશસિંહ દિનેશસિંહ ચાવડા
- રાજેન્દ્રસિંહ અમરસિંહ ચાવડા
- રણજીતસિંહ કિરીટસિંહ બારસડીયા
- ઈંદ્રજીતસિંહ ઈશ્વરસિંહ ચાવડા
- દિલીપસિંહ ગોમાનસિંહ સોલંકી
- દેવદત્તસિંહ ઈશ્વરસિંહ સોલંકી
- દિલીપસિંહ મહેન્દ્રસિંહ સોલંકી

## મઢી સુગરના પૂર્વ પ્રમુખ નરપતસિંહ સોલંકી: નિષ્ઠા, ઈમાનદારી અને લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ



ગામના યુવાઓ માટે ક્રિકેટનો પ્રશ્ન હોય કે પછી ભજનમંડળમાં કોઈ કામ હોય તો હરહંમેશ તત્પર રહેનાર અને મદદ કરનાર નરપતસિંહ પ્રભાતસિંહ સોલંકી મઢી સુગર ફેક્ટરીમાં કર્મચારી તરીકે સેવા આપી રહ્યા હતા. જોકે, તેમની કામગીરી નિષ્ઠા અને પ્રમાણિક્તાને ધ્યાને લઈ તેમને 2015થી 2022 દરમિયાન મઢી સુગર કર્મચારી ક્રેડિટ સોસાયટીના પ્રમુખ તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો અને આજે રિટાયર્ડ થયા બાદ પણ સભાસદો અને કર્મચારીઓ તેમની કામગીરીને બિરદાવી રહ્યા છે અને ઘરે પણ અવારનવાર મળવા આવી નિવૃત્ત જીવન સ્વસ્થ રીતે પસાર થાય તેવી શુભકામના પાઠવી રહ્યા છે.

## દૂધમંડળીના ઉપપ્રમુખ તરીકે મહાવીરસિંહ સોલંકી કાર્યરત



બમરોલી ગામના ડેપ્યુટી સરપંચ હાલ થોડા મહિના માટે વિદેશ પ્રવાસે ગયા હોવાથી ગામ પંચાયતના યુવા સભ્ય મહાવીરસિંહ હરિસિંહ સોલંકીને ચાર્જ સોંપ્યો છે. મહાવીરસિંહ સોલંકી દૂધમંડળીના ઉપપ્રમુખ પણ છે. સાથોસાથ સુરત જિલ્લા ભાજપમાં યુવા મહામંત્રી તરીકે કાર્યરત છે.

## રાજેન્દ્રસિંહ બારસડીયા મુઠ્ઠી ઊંચેરા માનવી



ગામમાં શિવભક્ત તરીકે જાણીતા રાજેન્દ્રસિંહ ઈશ્વરસિંહ બારસડીયા 2020થી બમરોલી દૂધમંડળીમાં મંત્રી તરીકે, વાંકાનેર સમૃદ્ધિ ક્રેડિટ સોસાયટીમાં ડિરેક્ટર તેમજ આફવા પિયત મંડળીમાં સભ્ય તરીકે કાર્યરત છે.

## વિદેશમાં સ્થાયી થયેલો યુવા વર્ગ

- કેતનસિંહ અર્જુનસિંહ ચાવડા
- કેજલબેન કેયૂરસિંહ ચાવડા
- કુલદીપસિંહ ઠાકોરસિંહ બારસડીયા
- જીતેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા
- હિનાબેન જીતેન્દ્રસિંહ ચાવડા
- દૃષ્ટિબેન કિરણસિંહ ચાવડા
- આર્જવસિંહ પ્રતાપસિંહ બારસડીયા
- વેદાંતસિંહ પ્રતાપસિંહ બારસડીયા

## ગામના સાચા દિલદાર પિન્ટુ રબારી



ગામમાં સામાજિક કે ધાર્મિક પ્રસંગ હોય એટલે ગામના પીનાંકભાઈ ઉર્ફે પિન્ટુ કાંતુભાઈ રબારીને સૌ યાદ કરે છે. ગામમાં ઉજવાતા દરેક ધાર્મિક પ્રસંગમાં ડી.જે.થી લઈ લાઈટિંગ સહિત દરેક કામગીરી વિનામૂલ્યે કરી આપે છે. એટલું જ નહીં લગ્ન પ્રસંગમાં પણ જો ગામના કોઈ વ્યક્તિની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો વિનામૂલ્યે ડી.જે.થી લઈ અનેક મદદ કરવામાં આવે છે.



## ગામની યુવાશક્તિનું નવું સરનામું: 'વનકુટિર'

ગામમાં યુવાનો માટે વનકુટિર પણ બનાવવામાં આવી છે. જ્યાં ગામના યુવાનો સાંજના સમયે ભેગા મળી વિવિધ રમતો રમતા હોય છે. બધા યુવાનો ભેગા મળી રાત્રિ નાસ્તાનું તેમજ બર્થ-ડે સેલિબ્રેશન પણ ઉજવતા હોય છે.

## યુવા રાજકીય તેમજ સહકારી આગેવાન



ગામના યુવા સહકારી તેમજ રાજકીય આગેવાન પરેશસિંહ દિનેશસિંહ ચાવડા બારડોલીની વૈભવ લક્ષ્મી કો.ઓ.ક્રેડિટ સોસાયટી લિ.,માં ડિરેક્ટર તેમજ બમરોલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સહમંત્રી, બારડોલી કિસાન મોરચા ભાજપામાં ઉપપ્રમુખ, આફવા ખેતીપાક રૂપાંતર સહકારી મંડળીમાં ડિરેક્ટર તેમજ સુરત જિલ્લા રાજપૂત યુવા સંગઠનમાં સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. એટલું જ નહીં સમાજમાં જે બાળકો અભ્યાસ કરતાં હોય, જેની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવાં બાળકો માટે નોટબુક તેમજ અન્ય વસ્તુઓની પણ મદદ કરતા હોય છે.

## રાજકીય તેમજ સામાજિક મહિલા અગ્રણી

આ નાનકડા ગામે બારડોલી તાલુકા પંચાયતને સભ્ય પણ આપ્યા છે. વાત કરીએ તો આ નાના એવા ગામમાંથી 2021માં નિઝર તાલુકા પંચાયત બેઠક ઉપરથી આશાબેન રાજેન્દ્રસિંહ સોલંકી વિજેતા બન્યાં હતાં. પાંચ વર્ષ દરમિયાન બમરોલી તેમજ તેમના મત વિસ્તારમાં સારા એવા વિકાસનાં કામો પણ કર્યાં છે. તેઓ 2014થી મહિલા સુરક્ષા સમિતિના ડિરેક્ટર તેમજ બારડોલી મહિલા સુરક્ષામાં પ્રમુખ તરીકે અને સુરત જિલ્લા ભાજપમાં મહિલા મોરચામાં મંત્રી તરીકે કાર્યરત છે.

## સોશિયલ મીડિયા નહીં, 'સાચા સાથીઓ' સાથે વિતાવે છે વડીલો સાંજ

આજના આધુનિક યુગમાં માણસ પાસે સમય નથી. જેનું મુખ્ય કારણ મોબાઈલ છે. આજની યુવા પેઢી મોબાઈલના કારણે આ બધુ ભૂલતી જતી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આ બમરોલી ગામમાં આજે પણ સાંજના સમયે યુવાનો હોય કે વડીલો નોકરીથી ઘરે આવ્યા બાદ મોબાઈલ ફોનથી દૂર રહી ગામમાં પોતાના સાથી મિત્રો સાથે ઝૂલા ઝૂલી એકબીજા સાથે વાતો કરી થાક ઉતારી મન હળવું કરતા હોય છે.

## 15 વર્ષથી દેશી-વિદેશી દારૂના વેચાણ પર પ્રતિબંધ

ગુજરાતમાં દારૂબંધી છે. છતાં ઠેર ઠેર દારૂનું વેચાણ થયું હોય અને પોલીસ દ્વારા પણ અવારનવાર દેશી-વિદેશી દારૂનો જથ્થો પકડવામાં આવતો હોય છે. પરંતુ વાત કરીએ બમરોલી ગામની તો ગામના વડીલોએ યુવાપેઢી આ નશાના રવાડે ન ચડે એ માટે 15 વર્ષ પહેલા જ ગામમાં દેશી-વિદેશી દારૂનું વેચાણ બંધ કરાવી દીધું હતું અને આજે ગામમાં કોઈપણ જગ્યાએ દેશી-વિદેશી દારૂનું વેચાણ થતું નથી.





માજી ડેપ્યુટી સરપંચ, મહેન્દ્રસિંહ પ્રભાતસિંહ સોલંકી



સુરેન્દ્રસિંહ ભગવાનસિંહ સોલંકી, સિદ્ધિ કો. ઓ. ક્રેડિટ સોસાયટી બારડોલીના ડિરેક્ટર



ફોરેસ્ટર, ધર્મેન્દ્રસિંહ નટવરસિંહ સોલંકી









(માહિતી સંકલન અને તસવીર: તુષાર નાયક, બારડોલી)